# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૮ : અંક–૧૯૧ વર્ષ - ૧૭ : ઑગસ્ટ–૨૦૧૩

## ધન્ય અવતાર !
## પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સંબંધી પરમપૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઉદ્ગારો



(બહેનશ્રીને આવતાં દેખીને કહ્યું –) બેન માટે જગ્યા કરો. 'ધર્મની શોભા' ચાલી આવે છે. બેન નથી સ્ત્રી, નથી પુરુષ, તે તો સ્વરૂપમાં છે. ભગવતીસ્વરૂપ એક ચંપાબેન જ છે, તેમની દશા અલૌકિક છે. એ તો અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે.

❀

બેનનું પુસ્તક (વચનામૃત) આવ્યું ઘણું ઊંચું. સાદી ભાષા, મર્મ ઘણો. અતીન્દ્રિય આનંદમાંથી આવેલી વાત છે. એકલું માખણ ભર્યું છે – એકલો માલ ભર્યો છે. ઘણું ગંભીર ! થોડા શબ્દોમાં ઘણું ગંભીર ! આ તો અમૃતધારાનો વરસાદ છે. વચનામૃત તો બાર અંગનું માખણ છે, સારમાં સાર આવી ગયું છે. 'દ્રવ્યદષ્ટિપ્રકાશ' કરતાં આ પુસ્તક અલૌકિક છે. જગતનાં ભાગ્ય – આવી ચીજ બહાર આવી ! આવાં વચનામૃત કોને ન ગોઠે ? સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથે જોયા તે આ ભાવ છે.

❀

આ તો બેનનાં અંદરનાં વચન છે ને ! બેનની ભાષા સાદી, પણ અંતરની છે. અનુભવ વિદ્વત્તા માગતો નથી, અંતર અનુભૂતિ અને રુચિ માગે છે. આ બેનના શબ્દો છે તે ભગવાનના શબ્દો છે. ભાષા ય નવી ને ભાવો ય નવા ! સાદી ભાષામાં અંદર રહસ્ય છે. લાખો પુસ્તકો છપાયાં, મેં કોઈ દિવસ કહ્યું ન હતું; જ્યાં આ (વચનામૃત) હાથમાં આવ્યું, (જોયું–વાંચ્યું) ને રામજીભાઈને કહ્યું : ભાઈ ! આ પુસ્તક લાખ છપાવો.

❀

તા.૬-૯-૭૭

(બહેનશ્રીનાં વચનામૃત) પુસ્તક ટાઈમસર બહાર પડ્યું. બેનને ક્યાં બહાર પડવું જ છે, પણ પુસ્તકે બહાર પાડ્યાં. ભાષા સરળ છે પણ ભાવ ઘણા ગંભીર છે. મેં આખું વાંચી લીધું છે. એક વાર નહિ પણ પચીસ વાર વાંચે તોય સંતોષ ન થાય એવું પુસ્તક છે. આ દસ હજાર પુસ્તક છપાવીને બધા હિન્દી-ગુજરાતી 'આત્મધર્મ'ના ગ્રાહકોને ભેટ દેવાં એમ મને થયું.

❀

તા.૧૬-૯-૭૭

હું કહું છું કે (વચનામૃત) પુસ્તક સર્વોત્કૃષ્ટ છે – આખા સમયસારનો સાર આવી ગયો છે એટલે સર્વોત્કૃષ્ટ છે. આ પુસ્તક બહાર માણસોના હાથમાં જશે તો હિન્દુસ્તાનમાં ડંકો વાગશે. આ પુસ્તક વાંચતાં તો વિરોધી પણ મધ્યસ્થ થઈ જશે–એવી વાત છે... જગતને લાભનું કારણ છે. માન મૂકીને એક વાર મુનિઓ (પણ) વાંચે તો એમના લાભનું કારણ છે.

❀

તા.૧-૧૦-૭૭

પરિણમનમાંથી નીકળેલા શબ્દો છે. બેનને તો નિવૃત્તિ ઘણી. નિવૃત્તિમાંથી આવેલા શબ્દો છે. પુસ્તકમાં તો સમયસારનો સાર આવી ગયો છે– અનુભવનો સાર છે; પરમ સત્ય છે. 'વચનામૃત' એ ચીજ તો એવી બહાર આવી ગઈ છે કે હિન્દુસ્તાનમાં બધી જગ્યાએ બહાર પાડવું જોઈએ.

❀

આ બેનનાં વચનો છે તે અનંત જ્ઞાનીનાં વચનો છે. ઇન્દ્રોની સમક્ષ અત્યારે શ્રી સીમંધરદેવ જે ફરમાવે છે તે આ વાણી છે. આ ચોપડી સાધારણ નથી, આમાં તો બહુ ભર્યું છે. ભાષા મીઠી છે, સાદી છે; ભાવો ઊંડા ને ગંભીર છે. દિવ્યધ્વનિનો આ અવાજ છે. અરે ! એક વાર મધ્યસ્થપણે આ વાંચે તો ખરો ! ભગવાને કહેલી જે ૐકાર ધ્વનિ છે એમાંથી નીકળેલો આ સાર બેને કહેલ છે.

❀

સં.૧૯૯૭

આ કાળનો જોગ અનુકૂળ છે; બેન જેવાંનો આ કાળે અવતાર છે. અરે ! ધર્માત્મા ગૃહસ્થના ભેટા થવા પણ અનંતકાળે મોંઘા છે. ભાઈઓને આ કાળે ધર્માત્મા પુરુષ મળી આવે, પણ આ કાળે બેહનોનાં પણ સદ્‌ભાગ્ય છે.

❀

તા.૧૭-૯-૮૦

બેનથી બોલાઈ ગયું અંતરમાંથી. ત્યાંથી (વિદેહક્ષેત્રથી) આવેલી વાત છે. બેન ત્યાંથી આવ્યાં છે. ...બેન (દીકરિયું પાસે) બોલેલાં ને લખાઈ ગયું, નહિતર તો બહાર આવે જ ક્યાંથી ? (આ બધું) કોતરવાનું છે પથ્થરમાં (આરસનાં પાટિયાંમાં).

❀

આ (વચનામૃત) ચોપડી એવી આવી છે કે ગમે તેટલાં શાસ્ત્ર હોય, આમાં એકેય વાત બાકી નથી. થોડા શબ્દોમાં દ્રવ્ય-ગુણ-પર્યાય, વ્યવહાર-નિશ્ચય વગેરે બધું આવી ગયું છે. જગતનાં ભાગ્ય કે આવી સાદી ભાષામાં પુસ્તક બહાર આવી ગયું. વીતરાગતાના ભાવનું રટણ ને લઢણ છે. આખા હિન્દુસ્તાનમાં ઢંઢેરો પિટાશે. જ્યાં પુસ્તક હાથમાં આવ્યું ત્યાં કહ્યું કે એક લાખ પુસ્તક છપાવાં જોઈએ.

❀

(તા.૧૨-૯-૭૧)

બેન (ચંપાબેન)ની નિર્મળતા ઘણી ઘણી ! નિર્મળતા-નિર્મળતા ! અપૂર્વ અપૂર્વ સ્મરણ ! શાંત ને ગંભીર ! બેન તો ધર્મરતન છે. મહાવિદેહમાં ઘણી નિર્મળતા હતી; ત્યાંની નિર્મળતા લઈને અહીંયાં આવ્યા છે. એકાંતપ્રિય,

શાંતિથી એકલા બેસી પુરુષાર્થ કર્યા કરે છે. એમને ક્યાં કોઈની પડી જ છે ! કુટુંબનીયે નથી પડી. અંતર સ્વરૂપપરિણતિમાં રહે છે.

❃

(તા.૧૯-૯-૭૧)

ઓહો ! બેનના જ્ઞાનની નિર્મળતાની શી વાત કરવી ! ઘણું સ્પષ્ટ જ્ઞાન ! બેન તો જબરી આરાધના કરે છે. એકલાં બેઠાં પોતાનું કામ કર્યા જ કરે છે. ...હવે તો એમને બહાર પાડવાં જ છે. એમનો જયજયકાર થશે, એમની ઘણી જાહોજલાલી થશે, જે જીવશે તે જોશે. અલૌકિક દ્રવ્ય છે, એમની લાઈન જ જુદી છે.

❃

(ભા.સુ.૧૧, સં.૨૦૨૬)

...બેન બોલે છે તો ઘણું થોડું. દીકરીઓનાં ઘણાં ભાગ્ય છે. જો મૌન રહે તોપણ એનાં દર્શનથી તો લાભ જ છે. ...એમને ઘણા વખતથી ખ્યાલમાં હતું : બેનની ઘણી શક્તિ છે.

❃

(કા.વ.૧૨, સં.૨૦૨૨)

રાજુલને પૂર્વભવનું–ગીતાનું યાદ આવ્યું તે તો સામાન્ય વાત; બેનને (બહેનશ્રીને) તો દ્રવ્યે ને ભાવે–બંને પ્રકારે સ્મરણ છે. શુદ્ધ આત્માના જ્ઞાન સહિતનું ઘણું જ્ઞાન છે. ભાવસ્મરણ એટલે નિજ શુદ્ધ આત્માનું, અને દ્રવ્યસ્મરણ એટલે આ જીવ પોતે પૂર્વે ક્યાં હતો તે–તે બંનેનું જ્ઞાન છે. એ તો ભગવતીસ્વરૂપ છે, ભગવતી–બેન છે.

❃

શ્રી કુંદકુંદ-આચાર્યદેવ વિદેહમાં ગયા હતા તેના કોણ સાક્ષી છે ? સાક્ષી આ ચંપાબેન બેઠાં છે તે છે.

❃

બેનની ગંભીરતા તો જુઓ ! બેનના બોલ (વચનામૃત) બહુ ગંભીર છે. બેનને તો ક્યાં બહાર પડવું છે ? માંડ બેનનું પુસ્તક બહાર આવ્યું. બેનનું પુસ્તક તો બહુ સરસ ! બહુ સરસ ! અધ્યાત્મની રુચિ હોય તેને માટે તો બહુ સરસ. આવું ક્યારે બહાર આવે ! બેનને તો વિચાર નહોતો ને બહાર આવી ગયું. જગતનાં ભાગ્ય છે !

❃

(તા.૨૬-૮-૭૨)

બેનનો આત્મા તો મંગળમય છે, ધર્મરતન છે. હિંદુસ્તાનમાં બેન જેવાં અજોડ સ્ત્રીઓમાં કોઈ છે નહિ, અજોડ રત્ન છે. બાઈઓનાં તો મહાભાગ્ય છે કે આવું રત્ન મળ્યું છે.

❃

(તા.૧૭-૩-૭૩)

આ બેનની તો લાઈન જ જુદી છે. એમનો વૈરાગ્ય, જાતિસ્મરણજ્ઞાન, એમની દશા – બધું જુદું જ છે. એમને ક્યાં કોઈની પડી જ છે ! કોઈ વંદન કરે કે ન કરે, એ ક્યાં કોઈને જુએ જ છે !

❃



# પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૨ના વચનામૃત ઉપર મુંબઈમાં થયેલ ભાવવાહી પ્રવચન તા.૧૪-૧૨-૧૯૯૭

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પત્ર–૪૯૨, પાનું– ૩૯૩. **'મુમુક્ષુજનના પરમ હિતસ્વી, મુમુક્ષુપુરુષ શ્રી સોભાગ,...'** 'સોભાગભાઈ' મુમુક્ષુનું હિત વાંછતા હતા. જે કોઈ મુમુક્ષુઓ 'કૃપાળુદેવ'ની સમીપ આવતા હતા અથવા એવા કોઈ લાયક જીવ હોય અને 'કૃપાળુદેવ'થી અપરિચિત હોય તો એવા અનેક મુમુક્ષુઓને 'કૃપાળુદેવ'ની સમીપ લાવવામાં 'સોભાગભાઈ' નિમિત્ત બન્યા છે. 'અંબાલાલભાઈ' એમાં મુખ્ય છે. પછી જે 'મણિભાઈ ગાંધી' 'બોટાદ' ઉપરના પત્રો છે એ પણ 'સોભાગભાઈ'ના હિસાબે આવેલા અને 'અંબાલાલભાઈ' આવવાથી 'ખંભાત'ના ઘણા મુમુક્ષુઓ પણ 'કૃપાળુદેવ'ના પ્રત્યક્ષ પરિચયમાં આવ્યા. અને એ પ્રકારની એમની ભાવના પણ રહેતી કે મુમુક્ષુઓનું હિત કેમ થાય. એટલે એવું વિશેષણ એમણે વાપર્યું છે એ એમના ગુણ જોઈને વાપર્યું છે.

**'મુમુક્ષુજનના પરમ હિતસ્વી, મુમુક્ષુપુરુષ શ્રી સોભાગ,...'** એ પણ પોતે મુમુક્ષુ છે. **'અત્રે સમાધિ છે.'** સમાધિ એટલે આત્મશાંતિ. અમને આત્મામાંથી આત્માની શાંતિ રહે છે. **'ઉપાધિ જોગથી તમે કંઈ આત્મવાર્તા નહીં લખી શકતા હો એમ ધારીએ છીએ.'** અને 'સોભાગભાઈ'ને જે ઉપાધિનો સંયોગ હતો એ વ્યાપાર સંબંધી ઉપાધિ આ વર્ષોમાં એમને ઘણી હતી. એટલે કાંઈ હમણા હમણા પત્ર ઓછા આવ્યા હશે એવું લાગે છે. એના ઉપરથી લખ્યું છે કે કાંઈ નહિ લખી શકતા હો. એ ઉપાધિજોગ કહો કે પ્રતિકૂળતા કહો. પ્રતિકૂળતાના કારણે. એ વાત લીધી છે.

એના ઉપર પોતે લખે છે કે, **'અમારા ચિત્તમાં તો એમ આવે છે કે,...'** એટલે વિશેષ વિચારતા અમને એમ લાગે છે કે **'મુમુક્ષુજીવને આ કાળને વિષે સંસારની પ્રતિકૂળ દશાઓ પ્રાપ્ત થવી તે તેને સંસારથી તરવા બરાબર છે.'** આ એવો કાળ છે કે જો આ કાળમાં અનુકૂળતાઓ રહે તો જીવ ફસાય જાય. પ્રતિકૂળતા આવે તો કાંઈક વિચાર કરે કે આમાં દુઃખી ઘણું થવાય છે, કાંઈક સુખનો રસ્તો પકડીએ, સુખની શોધ કરીએ. એટલે જો અભિપ્રાય એવો હોય તો પ્રતિકૂળતાનું દુઃખ નહિ લાગે. એ પ્રતિકૂળતાઓ આત્માને સંસારથી વૈરાગ્ય ઉત્પન્ન કરાવશે. પ્રતિકૂળતા આવશે એટલે સંસારનું ખરું સ્વરૂપ પ્રત્યક્ષ જોવામાં આવશે અને એથી કરીને એને સંસાર પ્રત્યે ઉદાસીનતા અને વૈરાગ્યની ઉત્પત્તિ થશે. તો મોક્ષના માર્ગ પ્રત્યે વળવા માટે એને અવરોધ નહિ રહે. નહિતર જીવને સંસાર પરિણામનો રસ એ એને આત્મા તરફ વળવા દેતો નથી, મોક્ષના માર્ગે જવા દેતો નથી.

સંસારરસ અને મોક્ષનો રસ, મોક્ષમાર્ગનો રસ, આત્મરસ એ વિરુદ્ધ રસ છે અને એકબીજાના ઘાતક છે. શું છે ? એકબીજાના ઘાતક છે. સંસારરસ તીવ્ર થાય તો આત્મરસનો ઘાતક થાય. આત્મરસ તીવ્ર થાય તો સંસારરસનો ઘાતક થાય. બળવાન હોય એનો વિજય થાય. બળવાન જીતે એ તો સ્વાભાવિક છે. ઘણા પડખાથી વિચારીને આ વાત લખી છે.

**'અમારા ચિત્તમાં તો એમ આવે છે...'** એમ કરીને જે લખ્યું છે એ આ વિષય ઉપર ઘણા પડખાથી એમને વિચારો આવ્યા છે અને અનુભવ પણ પોતે કરી રહ્યા છે. એમને પણ જેટલી પ્રતિકૂળતા આવતી એટલું આગળ

વધવામાં નિમિત્ત થતું. બહુભાગ એવું બને છે, શરીરનો રોગ માણસ ઇચ્છતા નથી. ઇચ્છે છે ? ન ઇચ્છે. પણ રોગ જો બરાબર ઇલાજ કરતા મટી જાય તો એ નવી તંદુરસ્તીનું કારણ બને છે. એવા ઘણા માણસો જોવામાં આવ્યા છે કે રોગ મટી ગયા પછી તંદુરસ્તી પહેલા કરતા સારી થઈ હોય. એનું કારણ શું? કે કેટલીક પ્રકારની ખરાબી રોગ વાટે નીકળી જાય છે. જેમકે માણસને તાવ આવે છે, તો અમુક પ્રકારનું ઝેર ઉત્પન્ન થયું હોય, શરીરમાં ગરમી વધી ગઈ હોય તો એ તાવ વાટે નીકળી જાય છે. આપણા વૈદ્યરાજ હમણા એ વાત કરતા હતા. જાડા થઈ જાય તો પેટ સાફ થઈ જાય. એટલે કે બીવું (ડરવું) નહિ કાંઈ.

એમ મુમુક્ષુજીવ પ્રતિકૂળતાથી ન ડરે. પછી ગમે તે પ્રકારની પ્રતિકૂળતા હોય. શરીરમાં રોગ હોય, આર્થિક નિર્ધનતા કે પ્રતિકૂળતા હોય કે પરિવારની અંદર મેળ ન હોય. ઠીક ! આ બધું સારું છે. લૌકિક દૃષ્ટિએ સારું નથી. લૌકિક દૃષ્ટિએ તો એમ ગણાય કે આવું ન આવે એ સારું અને એને માટે લોકો ધર્મ કરે છે. લૌકિકધર્મ એવી રીતે કરે છે કે અમને પ્રતિકૂળતાઓ ન આવે તો સારું. પારમાર્થિક વિચારધારામાં વાત સાવ ઊલટા પ્રકારે છે.

પરિવારમાં મેળ ન હોય તો તરત ખ્યાલ આવે કે આ મમત્વ કરીને અધોગતિમાં આપણે વયા જાત. જો અનુકૂળ રહ્યું હોત, પરિવારના સભ્યો અનુકૂળ રહે તો મમત્વ કરે એના રસની ખબર ન પડે કે સેકન્ડે સેકન્ડે કેટલો રસ લે છે. કેમકે મારા છે એવું પરિણમન એટલું સામાન્ય થઈ ગયું છે કે જાણે મારાપણામાં કોઈ ગુનો જ કરતો નથી. ઘરના મેમ્બરો-ઘરના સભ્યો, દીકરા, દીકરી, મા-બાપ, પતિ-પત્ની મારા નહિ તો પારકા ગણવા કાંઈ? એ મારાપણામાં જે રસ ઘૂંટે છે એમાં કેટલું ઝેર પીવાય છે એ કોઈને ખબર નથી પડતી. પણ એ પ્રતિકૂળ હોય, સામા થાય એમ હોય ત્યારે ખબર પડી જાય કે આ ભ્રાંતિ કરવા જેવી નથી અને એ પ્રકારનો રસ રેડાતો બંધ થાય અને સંસારનું સ્વરૂપ સ્પષ્ટ ભાસે.

એવું જ રોગાદિમાં અને નિર્ધનતામાં છે. નિર્ધનતામાં બહારની સગવડો ઓછી હોય, બહારની અનુકૂળતાઓ ભલે ઓછી હોય પણ ત્યાં વિચારવાનો મોકો મળે છે કે આ આત્મા પરપદાર્થમાં કાંઈ કરી શકતો નથી. કર્તાબુદ્ધિ છે એ જીવનું અજ્ઞાન અને ભ્રાંતિ છે અને પરિભ્રમણનું કારણ છે. અહીં તો કરવા જાય ને fail જાય, કરવા જાય ને fail જાય. ત્યારે એને ખબર પડે કે કરી શકતો નથી. એમ તત્ત્વનું સ્વરૂપ સ્પષ્ટપણે વિચારવાનો પ્રસંગ પ્રતિકૂળતામાં બને છે.

એ રીતે સવળું લે તો 'કૃપાળુદેવે' લખ્યું એ અનુભવગમ્ય થાય કે **'આ કાળને વિષે સંસારની પ્રતિકૂળ દશાઓ પ્રાપ્ત થવી તે તેને સંસારથી તરવા બરાબર છે.'** મુમુક્ષુ માટે તો. કેવા મુમુક્ષુ માટે? કે યોગ્યતાવાન મુમુક્ષુ માટે. અયોગ્યતા હોય તો તો પરિણામ બગાડી દ્યે, પરિણામ વધારે બગડે અને વધારે કર્મબંધ કરે. પણ લાયક મુમુક્ષુ હોય, પાત્ર મુમુક્ષુ હોય તો એ સવળું લે. અને દરેક પ્રતિકૂળતાના પ્રસંગને આત્મકલ્યાણમાં ઘટાવે. જે જે પ્રસંગો આવે એને આત્મકલ્યાણ એમાંથી કેવી રીતે થાય ? એ હિતબુદ્ધિએ વિચારે. પ્રતિકૂળ પ્રસંગને આત્મહિતની બુદ્ધિએ વિચારે અને જ્ઞાનીઓ પણ એ જ પ્રકારે વર્તે છે. એટલે મુમુક્ષુ અને જ્ઞાનીની લાઇન એક થઈ ગઈ. માટે તરવા બરાબર છે એમ કહ્યું. કેમકે જ્ઞાની તો તરે છે. પ્રતિકૂળ પ્રસંગોમાં પણ જ્ઞાની તો તરતા છે. એ તો તરતા પુરુષ છે એટલે તરવાના જ. પણ મુમુક્ષુને પણ જો ઇ પ્રકારનું, કોઈપણ ઘટનામાં એ પ્રકારનું વલણ અપનાવે તો એ જ્ઞાનદશાને પામશે. કેમકે જ્ઞાની એમ જ કરે છે. જેમ જ્ઞાની કરે છે એમ જો મુમુક્ષુનું પરિણમન થાય તો એને જ્ઞાની થતાં વાર કેટલી પછી? એમ છે.

'કૃપાળુદેવ'નું આ બહુ પ્રસિદ્ધ વચનામૃત છે. આ વચનામૃત બહુ પ્રસિદ્ધ છે. **'મુમુક્ષુજીવને આ કાળને વિષે સંસારની પ્રતિકૂળ દશાઓ પ્રાપ્ત થવી તે તેને સંસારથી તરવા બરાબર છે.'** પ્રતિકૂળતામાં સંયોગોનો રસ તૂટી જાય, લાયકાત હોય તો. નહિતર ખેદખિન્ન થઈ જાય. એ તો બે સરખું છે. અનુકૂળતામાં રસ લેવો અને પ્રતિકૂળતામાં ખેદખિન્ન થવું એ બે એકસરખું જ છે.

એ તો એક સિક્કાની બે બાજુ છે, એમાં કોઈ ફર્ક નથી. પણ એ સર્વ પ્રસંગોને આત્મકલ્યાણ બાજુ વાળી લેવા અથવા યથાર્થ વિચારણા કરીને એ પ્રસંગોમાં પોતાના પરિણામને આત્મકલ્યાણ બાજુ વાળી લેવા. તો એ પ્રતિકૂળ પ્રસંગો ઉપકારી થાય છે. અને એવો અનુભવ થયા પછી તે મુમુક્ષુજીવમાં એવી હિંમત આવી જાય છે... શું થાય છે? એવી હિંમત આવી જાય છે કે હવે કોઈ પ્રતિકૂળતાથી હું ગભરાવ નહિ. ગમે તેવી પ્રતિકૂળતાઓ આવી પડો મારે ગભરાવાનું હવે કોઈ કારણ નથી. એ વખતે હું મારા પુરુષાર્થને તીવ્ર કરીશ. પ્રતિકૂળતા આવશે તો મારો પુરુષાર્થ વધશે એવો પોતાને આત્મવિશ્વાસ જન્મી જાય છે.

એટલે જગતના જીવો ભાવિ પ્રતિકૂળતાઓના વિચારમાત્રથી દુઃખી થાય છે અને એમાં આવી પડે તો બહુ દુઃખી થાય છે. એના બદલે મુમુક્ષુજીવ, આત્માર્થીજીવ છે એ પ્રતિકૂળતા હોય કે પ્રતિકૂળતા આવવાની હોય, બંને વખતે એ પોતે અગાઉથી તૈયાર હોય છે. ક્યારથી? એડવાન્સ. આવો, આવવા દ્યો. હું એ વખતે મારું કાર્ય વિશેષપણે સાધીશ.

**'અનંતકાળથી અભ્યાસેલો એવો...'** એટલે અનંતકાળથી અનુભવગમ્ય કરેલો એવો અથવા જેની પ્રેક્ટિસ પડી ગઈ છે **'એવો આ સંસાર સ્પષ્ટ વિચારવાનો વખત પ્રતિકૂળ પ્રસંગે વિશેષે હોય છે, એ વાત નિશ્ચય કરવા યોગ્ય છે.'** વિચારીને આનો નિશ્ચય કરવા યોગ્ય છે કે સંસારનું તાત્ત્વિકપણે જે સ્વરૂપ છે અને એ તાત્ત્વિક સ્વરૂપથી જે વિવેક ઉત્પન્ન થાય છે કે કોઈપણ ભોગે આ સંસાર ઉપાસવા જેવો નથી, આરાધવા જેવો નથી અને ક્યાંય સુખની કલ્પના કરવા જેવી નથી. જ્ઞાનીઓને સંસાર કેવળ ક્લેશમય અને દુઃખમય ભાસે છે. એમ પ્રતિકૂળ પ્રસંગ આવતા મુમુક્ષુને એનું જ્ઞાન થાય છે, એવું જ જ્ઞાન થાય છે.

મુમુક્ષુ :– ભાઈશ્રી ! મુમુક્ષુના સ્ટેજમાં ઉદીરણા થઈ શકે?

પૂજ્ય ભાઈશ્રી :– થાય. વીર્યનો ક્ષયોપશમ વધારે જોઈએ. આમ શું છે કે મુમુક્ષુની પાસે શક્તિ બહુ મર્યાદિત છે એટલે ઉદીરણા મુમુક્ષુ લગભગ નથી કરતા. કોઈ અપવાદને બાદ કરીને. ભાવનાવશ કરે કોઈ, ન કરે એવું નથી. ભાવનાવશ કરે કોઈ કોઈ પણ પોતાની શક્તિ મર્યાદિત હોવાથી વિવેક એવી રીતે કરવા યોગ્ય છે કે પહેલા દર્શનમોહને મારે માંદો કરવો છે, શક્તિહીન કરવો છે કે જેથી એ ઉપશમને યોગ્ય થાય. ઉદીરણાનો પ્રયોગ ચારિત્રમોહને હટાવવામાં વિશેષ કાર્યકારી છે. એટલે મુમુક્ષુ નથી કરતા એનું કારણ શું છે કે એ ક્રમથી ચાલનારા જીવો છે. અને ક્રમથી ચાલવું હોય ત્યારે પહેલા દર્શનમોહને મારવાનો છે પછી ચારિત્રમોહને. એટલે મુમુક્ષુ ઉદીરણામાં જલ્દી નથી જતા.

જે કામ પહેલું કરવા જેવું છે એ પહેલું જ કરવું જોઈએ, પછી કરવા જેવું છે એ પછી જ કરવું જોઈએ. નહિતર શક્તિ એમાં ખર્ચાઈ જાય. શક્તિ એમાં ખર્ચાઈ જાય. જેમકે આપણે સાધનસંપન્ન છીએ એટલે આપણને રોજ આહાર-પાણી આરામથી મળી રહે છે. સહેજે-સહેજે. એવું નથી કે ક્યારેક ઉપવાસ કરવા પડે. રોજ આપણે જમવું હોય તો રોજ આરામથી જમી શકીએ એવી આપણી પુણ્યયોગની વ્યવસ્થા હોય છે. છતાં કોઈ ઉપવાસ કરે કે આહાર નથી લેવો. વ્યવસ્થા છે. ઘરમાં આહાર નથી ખૂટ્યો, અનાજ-પાણી નથી ખૂટી ગયા, છતાં પણ કોઈ ઉપવાસ કરે. પણ એનું કોઈ વિશેષ ફળ નથી. દર્શનમોહનો અનુભાગ ઘટે એ ક્રમથી, એ યોજનાથી મુમુક્ષુજીવે વર્તવું જોઈએ. જેથી મોક્ષમાર્ગને તો પ્રાપ્ત કરે.

એટલે આ પ્રતિકૂળતાઓ ઉદયજનિત છે કે ભલે પ્રતિકૂળતાનો ઉદય આવે, મને એ વખતે સંસારનું સ્વરૂપ ચોખ્ખું દેખાશે અને મને સંસારનો રસ ઓસરી જશે. અને એ કરવા જેવું છે. દર્શનમોહને મારવા માટે સંસારરસ તો તોડવા જેવો છે. માટે બહુ અનુકૂળતાઓ ન ઇચ્છવી, બહુ અનુકૂળતાઓ ન ઇચ્છવી.

**'એ વાત નિશ્ચય કરવા યોગ્ય છે.'** ચોક્કસપણે કરવા યોગ્ય છે. **'હાલ કંઈ સત્સંગ જોગ મળે છે કે કેમ ?'** પૂછે છે. કોને ? 'સોભાગભાઈ'ને. કે હાલમાં તમને કોઈ સત્સંગનો યોગ મળે છે કે નહિ ? વૃદ્ધાવસ્થા

છે તો તમારી તબિયત કેમ રહે છે ? એમ નથી પૂછ્યું. નહિતર ૭૦ વટાવી ગયા છે. વૃદ્ધાવસ્થામાં નરમ-ગરમ તો રહે. સત્સંગ મળે છે કે નહિ એમ પૂછે છે.

મુમુક્ષુની ભૂમિકામાં આત્માને આત્મરુચિ પોષવા માટે પૌષ્ટિક આહાર હોય તો તે સત્સંગ છે. શું છે ? સત્સંગ છે એ પૌષ્ટિક આહાર છે. અને નિત્યપ્રતિ સત્સંગ મુમુક્ષુજીવ કરે એવી જ્ઞાનીપુરુષની આજ્ઞા છે. જો સત્સંગ ન કરે તો અસત્સંગનો ઘેરાવો છે. ઘરમાં અને ઘરની બહાર નીકળે બધે સામે અસત્સંગ જ મળવાનો છે. કેમકે ચારે બાજુથી ઘેરાયેલો છે. અને વર્તમાન પરિસ્થિતિ એવી છે કે સંગ તેવો રંગ ચડ્યા વિના રહે નહિ. સત્સંગ કરે તો સત્સંગનો રસ ચડે, અસત્સંગ કરે તો અસત્સંગનો રસ ચડે. એટલા માટે જ્ઞાનીઓ અને મુમુક્ષુઓ સત્સંગને ઇચ્છે છે એનું કારણ એ છે.

હમણા આ બે તમારે કહેતા હતા કે સત્સંગ અમારે નથી થતો. કેમ નથી થતો ? કે અમને આળસ ચડી જાય છે, પ્રમાદ થઈ જાય છે. આળસમાં આવી જઈએ છીએ. અમે સત્સંગ નથી કરતા. નહિતર અઠવાડિયે એક દિવસ રજાનો હોય ને. મેં કીધું મમ્મી-પપ્પા સાથે બેસી જવું. બીજું શું. બીજે ક્યાંય સત્સંગમાં ન જવાય તો ઘરમાં પણ સત્સંગ તો કરી શકાય ને ? કોણ ન કરી શકે ? ઘરમાં જેને સત્સંગ થઈ શકે નહિ એવી પરિસ્થિતિ હોય એને એ તકલીફ છે ઘરમાં. પણ જ્યાં સત્સંગના રસવાળા બીજા જીવો ઘરમાં હોય તો ઘરમાં પણ સત્સંગ થઈ શકે છે. નહિતર અસત્સંગ તો છે જ ઘરમાં. સત્સંગ નથી તો અસત્સંગ તો છે જ.

**'હાલ કંઈ સત્સંગજોગ મળે છે કે કેમ ?'** નિયમિત કરવો. નિયમિત આપણે રમવા જઈએ કે નહિ ? ભણવા જઈએ, રમવા જઈએ, નિયમિત ખાવા જઈએ, નિયમિત ઉંઘવા જઈએ. ખાવું-પીવું-ઉંઘવું તો બધાને રોજેરોજ-નિયમિત હોય છે કે નહિ ? કેમકે એ જીવન જીવવાનો એક ભાગ છે. પાર્ટ એન્ડ પાર્શ્યલ ઓફ ધી લાઈફ. તો સત્સંગને પણ એક ભાગ બનાવી દેવો, જીવનનો એક ભાગ બનાવવો જોઈએ. અને એ મુમુક્ષુ માટે બહુ આવશ્યક છે.

**'હાલ કંઈ સત્સંગજોગ મળે છે કે કેમ ? તે અથવા કોઈ અપૂર્વ પ્રશ્ન આવે છે કે કેમ ? તે લખવામાં આવતું નથી તે લખશો.'** લ્યો ! સામેથી ડિમાન્ડ કરી છે. 'સોભાગભાઈ' પાસે ઉઘરાણી કરી છે. એ તો બહુ લાયક જીવ હતા. જેમના નિમિત્તે પોતાને આત્મભાવ આવિર્ભાવ થતા હતા એવા ખાસ સુપાત્ર જીવ હતા. ખાસ પ્રકારની યોગ્યતાવાળા સુપાત્ર જીવ હતા. એને એમ લખે છે કે તમને સત્સંગ મળે છે કે નથી મળતો ? એનો અર્થ કે ન મળતો હોય તો તમારે સત્સંગ મેળવવો. એક (વાત).

બીજું **'કંઈ અપૂર્વ પ્રશ્ન આવે છે કે કેમ ?'** હમણા કાંઈ તમે લખતા નથી તો લખશો. બહુ સારી વાત લખી છે. અપૂર્વ પ્રશ્ન-એનો એ પ્રશ્ન નહિ, હું સમજું છું એ પ્રશ્ન નહિ. એવી જિજ્ઞાસા કે વર્તમાન પરિસ્થિતિમાં શીઘ્ર આત્મકલ્યાણ સાધું એના માટે મારે શું કરવું જોઈએ ? મારા શું પરિણામ થવા જોઈએ ? મારે શું કર્તવ્ય છે ? અપૂર્વદશા પામ્યો નથી એવી અપૂર્વદશા પામવા માટે મારે અત્યારે શું કરવું જોઈએ ? મારી વર્તમાન ભૂમિકાને સમજીને આપ મને માર્ગદર્શન એવું આપો કે જેથી હું અપૂર્વદશાને પામું. એવા કોઈ તમને અપૂર્વ પ્રશ્ન ઊઠે છે કે નહિ ? **'તે લખવામાં આવતું નથી...'** એટલે હમણા તમારા પત્રમાં એવી કોઈ વાત દેખાતી નથી.

જ્ઞાનીનો સંગ અને જ્ઞાનીની વાણી આત્માર્થ ઉપદેશક હોય છે અને મુમુક્ષુને આત્મામાં જાગૃતિ આવે એવી જાગૃત કરનારી હોય છે. એ આમાંથી નીકળે છે. આ શું છે કે કોઈ એવી પરિસ્થિતિમાં આ પત્ર લખ્યો છે, 'સોભાગભાઈ'ની પરિસ્થિતિ જોઈને કે પ્રતિકૂળ પ્રસંગ એમને કાંઈક વર્તે છે અને એની ઉપાધિમાં એ પડ્યા છે. શું લખે છે ? **'ઉપાધિજોગથી તમે કંઈ આત્મવાર્તા નહિ લખી શકતા હો એમ ધારીએ છીએ.'** અમારું અનુમાન એવું છે. હમણા તમારા પત્રોમાં કોઈ એવી વાત આવતી નથી. તમારા પત્રમાં આત્માને લગતી કોઈ વાત ખાસ આવતી નથી. કાંઈક તમે ઉપાધિમાં વધારે પડતા ઘૂસી ગયા લાગો છો. એ બરાબર નથી

થતું. ભલે ઉપાધિ આવી હોય, પ્રતિકૂળતા આવી હોય, આત્મકલ્યાણ બાજુ વળો. એ પ્રસંગે પણ વિશેષપણે આત્મકલ્યાણ બાજુ વળો. એ જ અમારી નીતિ છે. કામ કરવાની એ નીતિ છે. આપણે કેમ કહીએ કે અમારી નીતિ પ્રમાણિકપણે કામ કરવાની છે. આ સાચું પ્રમાણિકપણું છે. આત્મકલ્યાણ કરવું તે.

**'આવો એક તમને સાધારણ પ્રતિકૂળ પ્રસંગ બન્યો છે...'** શું કહે છે ? તમને જે પ્રતિકૂળ પ્રસંગ બન્યો છે એ અમને ખબર છે, પણ એ સાધારણ છે. એક પત્રમાં તો લખ્યું છે ને, 'રામચંદ્રજી'ના ચૌદ વર્ષના વનવાસનો એક દિવસ નથી અને 'પાંડવો'ના વનવાસની પ્રતિકૂળતાની એક ઘડી પણ નથી. એ લોકોએ– મહાપુરુષોએ જે પ્રતિકૂળતા વેઠી છતાં ધર્મથી ચ્યુત થયા નથી. આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રથી ચ્યુત થયા નથી. અને વર્તમાન પ્રતિકૂળતા 'ગજસુકુમાર'ની પ્રતિકૂળતાની એક પળ પણ નથી. તો એ પ્રતિકૂળતા સાધારણ છે. **'તેમાં મુંઝાવું ઘટતું નથી.'** એમાં મુંઝાઈને તમે નવા કર્મો બાંધો એ તમારા માટે યોગ્ય નથી. તમારે મુંઝાવું નહિ. પ્રતિકૂળતા આવી છે એ અમને ખબર છે પણ એમાં તમારે મુંઝાવું એ તમારા માટે યોગ્ય નથી. તમે તો વિશેષ પાત્રતાવાળા છો. મુંઝાઈ શેના જાવ છો ?

**'એ પ્રસંગ જો સમતાએ વેદવામાં આવે તો જીવને નિર્વાણ સમીપનું સાધન છે.'** શું કીધું ? **'એ પ્રસંગને...'** એટલે જે તમને પ્રતિકૂળતા આવી છે **'એ પ્રસંગને જો સમતાએ વેદવામાં આવે...'** એટલે સમ્યક્ પ્રકારે સમભાવ રાખવામાં આવે **'તો જીવને નિર્વાણ સમીપનું સાધન છે.'** એટલે મોક્ષમાર્ગનું એ સાધન થાય છે. શું કહે છે અહીંયાં ? જીવ આત્મભાવ કરવા માટે નિવૃત્તિ લઈ, સંસારની પ્રવૃત્તિ છોડી, નિવૃત્તિ લઈ એકાંતમાં બેસી અને પોતાના આત્માની ભાવના ભાવે. આત્મભાવ આવિર્ભાવ કરવા માટે. એક વાત.

બીજો કોઈ એક જીવ પ્રતિકૂળ ઉદય આવે ત્યારે વિશેષપણે આત્મભાવના ભાવે. કોને વધારે ફાયદો થાય ખબર છે ? બીજાવાળાને. પહેલાવાળાને નહિ. કેમકે એણે પોતાની શક્તિનો, પોતાના જ્ઞાનનો, પોતાના વિવેકનો ખરે વખતે ઉપયોગ કર્યો. એને વધારે લાભનું કારણ છે. આમ બેઠો બેઠો કહે કે હું આત્મા છું... હું આત્મા છું... હું આત્મા છું... હું આત્મા છું... એમ નહિ. પ્રતિકૂળ પ્રસંગ આવે ત્યારે હું આત્મા છું એમ આવે ત્યારે સાચું. ઉદય વખતે જીવ માર ખાય જાય છે. શું બને છે ? ઉદય વખતે જીવ માર ખાય જાય છે. એટલે નવા કર્મ બાંધી લે છે. હવે જો એ ઉદય વખતે સમભાવ રાખી શકે અથવા પોતાના પરિણામને પોતાના કંટ્રોલમાં રાખી શકે (તો) ઘણો ફાયદો થાય છે. ઉદય વખતે જો જીવ ચેતી જાય તો. થોડો સાવધાન થઈને સમતાભાવે રહે. એ જે ફાયદો થાય છે એ બહુ મોટો ફાયદો થાય છે. ઢગલાબંધ નિર્જરા થાય. કેમકે ઉદય વખતે જીવ જોડાય છે. (આ) કેમ ન જોડાણો ? પુરુષાર્થ કર્યો છે. એ પુરુષાર્થથી નિર્જરા ઘણી થાય છે, એમ કહેવું છે. બાકી તો સંસારમાં બધા રોદણા રોવે છે. એ.. અમારે આવો ઉદય આવ્યો... અમારે આવો ઉદય આવ્યો... એ અમારે આવો ઉદય આવી ગયો. શું કરીએ અમારે ઉદય એવા આવી જાય છે ને. આ માર્ગમાં રોતલનું કામ નથી. રોવું હોય તો ઊઠીને ઘરે વયો જા. રોવું હોય તો ઊઠીને વયો જા. રોનારનું આમાં કામ નથી. અહીં તો શૂરવીરનું કામ છે.

મુમુક્ષુ :– ભાઈશ્રી ! પ્રતિકૂળ પ્રસંગ વખતે કે ઉપાધિને સમયે જીવ જ્ઞાનશક્તિ ને વિવેકનો ખરો ઉપયોગ કરે એ દાખલો આપીને જરા વધારે સ્પષ્ટ કરો.

પૂજ્ય ભાઈશ્રી :– આ 'સોભાગભાઈ'નું જ દૃષ્ટાંત છે. 'સોભાગભાઈ'ને એ જ પરિસ્થિતિ છે. ઘરમાં જેના ઉપર આધાર હોય, લ્યો ! ઘરમાં તો એકબીજા ઉપર આધાર રાખે છે ને ? પ્રતિકૂળતા આવે ત્યારે આધારબુદ્ધિ તોડવાનો પ્રયોગ કરવાની મજા આવે. પછી શરીરમાં રોગ આવે છે. શરીરમાં આધારબુદ્ધિ અને સુખબુદ્ધિ છે. સુખબુદ્ધિ અને આધારબુદ્ધિ તોડવા માટે રોગ આવ્યો. તો રોગ તો તમને આવી વિપરીત બુદ્ધિઓ તોડાવવા માટે, અભિપ્રાયો બદલવા માટે આવતો હોય તો સારો જ છે. એમાં ખોટું શું છે ? તમારે જે કામ કરવું છે એમાં એ નિમિત્ત થઈને મદદ કરે છે. અને જો તમે

સફળ થાવ તો જ્ઞાનની નિર્મળતા આદિ ગુણો પ્રગટ થાય છે. આત્મગુણો પ્રગટ થાય. તો એ તો તમારું લઈને ગયો કે તમને દઈને ગયો ?

ભગવાનના મંદિરે તો જેટલા દર્શન કરવા આવે એટલો ફાયદો જ છે. કેમ ? કે એ કાંઈક દઈને જવાના છે. કોઈ લઈને જવાના નથી. મંદિરમાંથી કોઈ લઈને જવાના છે ? જ્યાં ઝાઝા દર્શનાર્થીઓ (હોય) ત્યાં એ મંદિર આર્થિક રીતે સદ્ધર થઈ જાય. થાય કે ન થાય ? સિદ્ધિવિનાયક જુઓને. તમારા 'મુંબઈ'માં દાખલો છે ને. ઇટાલીયન માર્બલનું બનાવી નાખ્યું. કેવું હતું એમાંથી. એમ તને ઉપરાઉપરી ઉદય આવે એ દઈને જાય છે કે લઈને જાય છે જો. તારી વિચારધારા સુવિચારણા હોય, 'જો પ્રગટે સુવિચારણા તો પ્રગટે નિજજ્ઞાન' એ સુવિચારણાથી નિજજ્ઞાન પ્રગટે છે. 'જે જ્ઞાને ક્ષય મોહ થઈ પામે પદ નિર્વાણ' ઉદય આવ્યો તો કાંઈક દઈને જશે. શું ? કે જ્ઞાનની નિર્મળતા. મોહનો નાશ થશે એટલી નિર્મળતા વિશેષ થશે.

**'આવો એક તમને સાધારણ પ્રતિકૂળ પ્રસંગ બન્યો છે તેમાં મુઝાવું ઘટતું નથી.'** જરાય મુંઝાશો નહિ. લોકો ટેન્શનમાં આવે છે પછી થઈ જાય ડાયાબીટીસ ને હાયપરટેન્શન, બ્લડ પ્રેશરને એ બધું એમાંથી થાય છે. કારણ મૂંઝવણ-ટેન્શન છે. એવી મૂંઝવણ તમને ઘટતી નથી. એટલે તમે જરાય મુંઝાશો નહિ.

**'એ પ્રસંગ જો સમતાએ વેદવામાં આવે તો જીવને નિર્વાણ સમીપનું સાધન છે.'** એ પ્રસંગ જો સમતાએ વેદવામાં આવે. સમ્યક્ પ્રકારે એનો અનુભવ કરવામાં આવે તો જીવ નિર્વાણની સમીપ પહોંચી જાય એવું એ કારણ અથવા સાધન બને. એટલે કે પ્રતિકૂળ પ્રસંગો બહુ ફાયદાનું કારણ છે. અનુકૂળતા કરતા પણ પ્રતિકૂળ પ્રસંગો બહુ જ ફાયદાનું કારણ છે. એને નિર્વાણ સમીપનું સાધન કીધું.

**'વ્યાવહારિક પ્રસંગોનું નિત્ય ચિત્રવિચિત્રપણું છે.'** હવે જે વ્યવહારિક પ્રસંગો પોતાને પણ ઉદયમાં આવે છે એ બધા અનેક પ્રકારના ચિત્રવિચિત્રપણે આવે છે. ચિત્રવિચિત્રપણે કેમ ? કે જે તમારી સાથે સારો સ્નેહ રાખતા હોય એ મોઢું ફેરવી લ્યે. કેમ ? કે તમે હવે સત્સંગમાં પડ્યા છો હવે અમારે ત્યાં આવતા નથી. અમે પણ તમારે ત્યાં નહિ આવીએ. હવે એ સારું કે ખરાબ ? સારું, અસત્સંગ મટ્યો. ઘરે આવે ત્યારે તો સો-બસ્સો રૂપિયાનું ખૂન થઈ જવાનું છે. અને જૂઠો આનંદ લેવાનો આહા..હા..! અમે બધા ભેગા થઈને બહુ મજા આવી, ભેગા થઈને બહુ મજા આવી. ફલાણી પ્લેટ તૈયાર કરી, ફલાણું કર્યું, ઢીકણું કર્યું. એમ બધેથી બચી જાય. પણ વિચિત્રતા એવી છે કે ત્યાં સંબંધ બગડ્યો એમ કહેવામાં આવે છે. સંબંધ બગડ્યો. એને એમ કહે છે કે તમને સંબંધ રાખતા આવડતો નથી. સંબંધો કેમ maintain કરવા એ પણ શીખવા જેવું છે એમ કહે કે ન કહે ? શીખીને ક્યાં જાવું છે પણ તારે, એમ કહે છે. સંબંધો જાળવવા અને એ કેવી રીતે જાળવવા એ શીખીને તારે જાવું છે ક્યાં ? પરિભ્રમણના ચક્કરમાં ચડી જઈશ.

**'વ્યાવહારિક પ્રસંગોનું નિત્ય ચિત્રવિચિત્રપણું છે. માત્ર કલ્પનાએ તેમાં સુખ અને કલ્પનાએ દુઃખ એવી તેની સ્થિતિ છે.'** જીવ અનુકૂળતાની ને પ્રતિકૂળતાની, સુખ ને દુઃખની, લાભ ને અલાભની કલ્પના જ કરે છે. જીવને કાંઈ લેવા કે દેવા. આપણા જ કુટુંબની અંદર આપણા પૂર્વજોના જેટલા નામ આવડે છે એમાંથી કેટલા બેઠા છે અત્યારે ? મોટા ભાગના નથી. બાપા, બાપાના બાપા, એના ભાઈઓ, બીજા, ત્રીજા કે કોઈ બેઠા છે અત્યારે ? એ બધા હોય ત્યારે શું કરે ? અમે ભલે વૃદ્ધ છીએ, ભલે કાંઈ કામ કરતા નથી પણ આ બધાનું ધ્યાન અમે રાખીએ છીએ. શું કહે ? આ બધાનું ધ્યાન અમે રાખીએ છીએ. સારા-મોળા પ્રસંગે અમને બધા પૂછે. અમે એને સાચી સલાહ આપીએ છીએ. વૃદ્ધાવસ્થામાં પણ પોતાને એટલું બધું મહત્વ ભાસે. હવે જ્ઞાની તો કહે છે કે જીવતો મરી જા એકવાર તો. શું કર ? જીવતો મરી જા. આ બહેનશ્રીનું વચનામૃત છે, હોં ! એકવાર તો જીવતા મરી જવું. અને મરી ગયા પછી કોઈનો સંબંધ રહેતો નથી. એમ અત્યારે સંબંધ રાખવો નહિ. અત્યારથી જ કોઈની સાથે રાખવો

નહિ. સારી વાત છે ? ગાંડી શીક્ષા લાગે. કેવી ? ગાંડી શીક્ષા લાગે. પણ અસત્સંગથી બચી જાય. શેનાથી બચે ? અસત્સંગથી બચી જાય.

**'માત્ર કલ્પનાએ તેમાં સુખ..'** તેમાં એટલે સંજોગોમાં. **'અને કલ્પનાએ દુઃખ એવી તેની સ્થિતિ છે.'** એ પ્રસંગો એના પરિણામ ક્રમમાં પરિણમી રહ્યા છે. હવે જો જીવ સવળું સમજે તો એને સવળું જ બધું ચાલે. સવળું સમજે તો બધું સવળું જ ઊતરે. અવળું લે તો બધું અવળું ઊતરે. સંજોગો છે એ તો એના પૂર્વકર્મનો ઉદય છે ને એના ક્રમમાં ક્રમે ઉદય આવી જ રહ્યો છે, ક્રમે ઉદય આવી રહ્યો છે. તારે કેવી રીતે લેવું એ સવાલ છે. સવળું લે તો સવળું અને અવળું લે તો અવળું.

**'માત્ર કલ્પનાએ તેમાં સુખ અને કલ્પનાએ દુઃખ એવી તેની સ્થિતિ છે. અનુકૂળ કલ્પનાએ તે અનુકૂળ ભાસે છે;...'** ભાસે છે એટલે લાગે. ભાસવું એટલે લાગવું. **'અનુકૂળ કલ્પનાએ તે અનુકૂળ ભાસે છે;...'** એવું લાગે છે. **'પ્રતિકૂળ કલ્પનાએ તે પ્રતિકૂળ ભાસે છે;...'** એટલે લાગે છે. ખરેખર કાંઈ અનુકૂળ-પ્રતિકૂળ છે નહિ. સિવાય કલ્પના. જેમ કોઈ માણસ ઘરે ઝઘડો કરવા આવે એ સારું કે નહિ સારું ? એ તો જેવું લે એવું. સવળું લે તો સવળું અને અવળું લે તો અવળું. એવું છે.

'આનંદઘનજી'ના પદ છે એમાં ચૌદમાં 'વિમલનાથ' ભગવાનનું સ્તવન છે. 'વિમલ જિન દીઠા લોયણ આજ, મારા સિધ્યા વાંછિત કાજ.' એમણે બીજું પદ શું લીધું છે ? 'મારા સિધ્યા વાંછિત કાજ. વિમલ જિન દીઠા લોયણ આજ.' આપના નેત્રો જોયા ને, આજે મેં આપના નેત્રો જોયા. લોયણ એટલે લોચન, લોચન એટલે નેત્ર. આપના નેત્રો જોયા ને મારા બધા કામ થયા. હવે એ ક્યાંથી થયા ? બહુ ઊંડી વાતો એમણે લખી છે, કે એમાં મેં સમ્યક્ જોયું. શું જોયું ? આપના નેત્રોમાં મેં સમ્યક્ત્વના દર્શન કર્યા. અંતર્મુખ છે ને ? સમ્યક્ત્વ તો દિશાદર્શક છે. એટલે આપની મૂર્તિમાં મને અંતર્મુખતાના દર્શન થયા. 'વિમલનાથ' ભગવાન તો સિદ્ધાલયમાં બિરાજે છે. પણ એમની પ્રતિમા જોઈને વાત કરે છે. હવે મને બધું સવળું જ સૂઝે છે. મારા જેટલા બધા ઉદયો પ્રસંગો આવે છે એમાં મારા બધા કામ સવળા ઊતરે છે એમ કહે છે. 'મારા સિધ્યા વાંછિત કાજ.' દરેક ઉદય પ્રસંગને હું આત્મકલ્યાણમાં લઈ જાવ છું. જાવ ! દરેક ઉદય પ્રસંગને હું આત્મકલ્યાણમાં ખતવી દઉં છે. એવી ખતવણી મને ક્યાંથી આવી ? કે આપના લોચન જોયા ત્યાંથી આવી. ઠીક ! બહુ તાત્ત્વિક વાતો લખી છે ને. ઘણી તાત્ત્વિક વાતો લખી છે.

**'અનુકૂળ કલ્પનાએ તે અનુકૂળ ભાસે છે; પ્રતિકૂળ કલ્પનાએ તે પ્રતિકૂળ ભાસે છે; અને જ્ઞાનીપુરુષોએ તે બેય કલ્પના કરવાની ના કહી છે.'** તું કલ્પના કરીશ નહિ. ઉદય ઉદયમાં આવે છે. તારા આત્મામાં ઉદય આવતો નથી. ઉદય આત્મામાં આવતો નથી માટે આત્માને ઉદય નથી, આત્માથી ભિન્ન છે. ઉદય ઉદયના ઘરમાં, આત્મા આત્માના ઘરમાં. કાંઈ નહિ, બીજા ન્યાય ન આવડે તો પણ ભિન્નપણાનો ન્યાય એક જો આવે તો તારું કામ થઈ જાય એવું છે. **'અને જ્ઞાનીપુરુષોએ તે બેય કલ્પના કરવાની ના કહી છે. અને તમને તે કરવી ઘટતી નથી.'** એવી કોઈ કલ્પના તમને કરવી ઘટતી નથી. માટે તમને જે ઉદય વર્તે છે તેમાં પ્રતિકૂળતાની કલ્પના કરશો નહિ. આ પ્રતિકૂળતાનો ન્યાય તો અન્યમતમાં પણ છે, હોં!

એક 'ધ્રુવ' કરીને બાળક હતો. શું નામ હતું ? 'ધ્રુવકુમાર' અન્યમતમાં કથા આવે છે 'ધ્રુવકુમાર'ની. સાંભળી છે ? ધ્રુવ ઉપર તો સિનેમા અને નાટક આવી ગયા છે. એની મા મરી ગઈ. રાજાની રાણી હતી. રાજાનો કુંવર હતો. એની મા જે રાણી હતી તે મરી ગઈ. રાજા નવી પરણ્યો, બીજી રાણી પરણ્યો. પછી એને છોકરા થયા એટલે સાવકી માનો છોકરો હોય એટલે એને તો પ્રતિકૂળતા જ આપે. આ પહેલેથી ભગવાનનો ભક્ત હતો. એની પાસે બધા નોકર પાસે જેટલા કામ કરાવે એટલા કામ એ રાજાના કુંવર પાસે કરાવે અને મારે એ જુદું. આ ભગવાનનો ભક્ત હતો એટલે ઘરેથી ભાગ્યો. જંગલમાં ગયો અને નક્કી કર્યું કે હવે મારે જંગલમાં જઈ તપશ્ચર્યા કરી ભગવાનનો સાક્ષાત્કાર કરી ભગવાનની પાસે જ રહેવું છે. હવે આ ઘરે મારે આવવું

નથી. પ્રતિકૂળતાથી શું થયું ? કે ભગવાન પાસે જવાની ભાવના વધારે થઈ. જંગલમાં ગયો, તપશ્ચર્યા કરી અને ભગવાનનો સાક્ષાત્કાર થયો. એણે જોયું કે મારો તો બેડો પાર થઈ જશે. કેમ કરતા થયું ? કે મારી નવી માનો ઉપકાર છે આ. એને તો બધા ગોતતા હતા. ગોતતા ગોતતા મળી ગયા. ઓલા કહે કે અમે તારી માફી માગીએ છીએ કે તું ચાલ ઘરે. તો કહે ના, ના તમારે માફી માગવાની જરૂર નથી. મારે તમારો ઉપકાર માનવાની જરૂર છે. કેમ ? કે મારે આમ ઉપયોગ થયો. મને ભગવાનના દર્શન થયા, તમે પ્રતિકૂળતા આપી તો. નહિતર હું ક્યાં જંગલમાં જઈને તપશ્ચર્યા કરવાનો.

મુમુક્ષુ :– આને કહેવાયને સવળું લીધું ?

પૂજ્ય ભાઈશ્રી :– આ એણે સવળું લીધું. એમ જે થાય એ સવળું લેતા આવડવું જોઈએ. આ આત્મકાર્ય કરવાની પદ્ધતિ છે. કામ કરવાની સાચી પદ્ધતિ આ છે. તો તમે સંસારમાં કે વગર સંસારમાં ક્યાંય દુઃખી જ ન થાવ ને.

મુમુક્ષુ :– આપણે શબ્દ વાપરીએ છીએ કે લીલાલહેર છે.

પૂજ્ય ભાઈશ્રી :– લીલાલહેર થઈ જાય ! તમે દુઃખી જ ન થાવ ને. સવાલ જ નથી.

**‘તમને તે કરવી ઘટતી નથી. વિચારવાનને શોક ઘટે નહીં,...’** તમે તો વિચારવાન જીવ છો. તમને કાંઈ હાય-હાય મને આવું દુઃખ પડ્યું, અરે..! મને આમ થઈ ગયું. એવો શોક કરવો તમને ઘટે નહિ. **‘વિચારવાનને શોક ઘટે નહીં, એમ શ્રી તીર્થંકર કહેતા હતા.’** તીર્થંકરને એવું કહેતા અમે સાંભળ્યા છે. ઠીક ! વિચારવાનને દુઃખના રોદણા રોવાના હોય નહિ. એ.. અમને દુઃખ પડ્યું, એ.. અમને આમ થયું ને અમને આમ થયું. કાંઈ નહિ. તીર્થંકર પરમાત્માની આજ્ઞા છે કે વિચારવાનને શોક ઘટે નહિ. શોક કરે તે વિચારવાન નહિ, જાઓ !

બહુ નાનો પત્ર છે પણ મુમુક્ષુજીવને ઉપયોગી છે. કેમકે દરેકને ચિત્રવિચિત્ર ઉદય તો આવવાના જ. ઉદયની ચિત્રવિચિત્રતાનો પાર નથી. જે આવે એ ભલેને આવે. આપણે બધાને એક લાકડીએ (હાંકવાના છે). આ જાદુઈ લાકડી હાથમાં આવી ગઈ. આત્મકલ્યાણ બાજુ વળી જાવું. ગમે તે ઉદયમાં આત્મકલ્યાણ બાજુ વળી જવું.

---

*(પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા...)*

**‘આલંબન સાધન જે ત્યાગે, પર પરિણતિને ભાગે રે,**
**અક્ષય દર્શન-જ્ઞાન વૈરાગે, આનંદઘન પ્રભુ જાગે રે.’**

આલંબન ત્યાગી નિરાલંબન થવું તે પોતાના હાથની વાત છે. સંસારમાં બધાંને પડતા મૂકી દે છે અને પોતાનું ધાર્યું કરે છે ને ! ત્યાં પોતાનું ધાર્યું કરે છે. જોકે તે તો બધું ઉદય આધીન છે, તો પણ એવો નિર્ણય કરે છે. પોતે નિશ્ચય કરે કે મારે આમ જ કરવું છે, તો પોતે બીજાનું આલંબન છોડી દે છે. પણ અહીંયાં અજ્ઞાની આલંબનને છોડતો નથી ને આલંબન-આલંબન કર્યા કરે છે.

દેવ-શાસ્ત્ર-ગુરુએ બતાવ્યું તે પ્રમાણે કરવું. તેમણે કહ્યું કે તું નિરાલંબન છો. તું નિરાલંબન થા. તારે જ નિરાલંબન થવાનું છે. **(સ્વાનુભૂતિદર્શન-૩૪૨)**

**ટ્રસ્ટના ‘સ્વાનુભૂતિપ્રકાશ’ના આ ગુજરાતી અંક (ઓગસ્ટ–૨૦૧૩નું) શુલ્ક શ્રી ધર્મેન્દ્રભાઈ ન્યાલચંદ વોરા પરિવાર, ભાવનગર તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

# પૂજ્ય ભાઈશ્રીના પૂજ્ય બહેનશ્રી પ્રત્યેના હૃદયોદ્‌ગાર

(૧) પૂજ્ય બહેનશ્રીએ વચનામૃતમાં (મુમુક્ષુતાનો વિષય) અનેક પડખેથી લીધો છે. એમના પ્રવચનો તો ઘણા વર્ષો પહેલા સ્વાસ્થ્ય સારું હતું ત્યારે બહેનોની સભામાં થયા. આ ગ્રંથ ('બહેનશ્રીનાં વચનામૃત') ઉપરથી એવું અનુમાન થઈ શકે કે એમના પ્રવચનોનો મુખ્ય વિષય શું હતો ? કે, આત્માર્થી – મુમુક્ષુજીવ, એના પરિણામ કેવા હોય ? (આત્માર્થી જીવ) કેવો હોય ? એ બતાવવા માટે એમના પ્રવચનોનો મુખ્ય વિષય ચાલતો.

(શ્રીમદ્ રાજચંદ્ર-પત્રાંક-૨૩૪-૨૩૬, S.R. No. ૬૩, ૦૪.૦૦ મિનિટે), તા. ૧૦-૧૦-૧૯૮૯

❋

(૨) પૂજ્ય બહેનશ્રીના વિષયમાં એવું સાંભળેલું કે એમનો પ્રવેશ પણ બહુ જોરથી થયેલો. એ ભૂમિકામાં પણ બહુ શરૂઆતમાં બહુ નજીક નજીકના અંતરાળમાં કેટલીવાર નિર્વિકલ્પ દશા આવતી હતી. એ તો એમના પત્રમાં આવે છે, અભિનંદન ગ્રંથમાં એ વિષય આવ્યો છે. એ જ બતાવે છે કે ઘણી ઉગ્ર દશા હતી, પ્રવેશ જ બહુ ઉગ્ર હતો. એ વખતે બીજા આગમો બહુ નહિ વાંચેલા, ઉંમર નાની, બીજા આગમો – દિગંબર આગમોનો પરિચય નહિ. (એ વખતે કહેતા), 'હવે તો આ ઉપયોગ જે અંદર જાય છે તે કેવળજ્ઞાન લઈને જ બહાર નીકળે એવું જ કરવું છે.' આ પંચમકાળ છે, સ્ત્રીદેહ છે, બધું ભૂલી જાય છે. એવો જોરથી ઉપયોગ અંદર જાય, સ્થિર થાય, કેવળજ્ઞાન લેશું હવે તો. એવું જોર આવે.

(શ્રીમદ્ રાજચંદ્ર-પત્રાંક-૩૧૪, ૩૧૫, S.R. No. ૮૬, ૪૦.૦૦ મિનિટે), તા. ૨૦-૦૧-૧૯૮૯

❋

(૩) પૂજ્ય બહેનશ્રી ચર્ચા કરે છે ત્યારે કોઈવાર કહે છે કે, ગુરુદેવના પ્રવચનો સાંભળતાં અપૂર્વ અપૂર્વ લાગ્યા કરતું. એમણે તો વર્ષો સુધી પ્રવચનો સાંભળ્યા, પિસ્તાળીસ વર્ષ સાંભળ્યા. હવે એની એ વાત તો ઘણીવાર આવતી હોય, કંઈ બધી વાત કલાકે કલાક નવી જ આવે એવું કંઈ બને ? તેની તે વાત ઘણીવાર આવતી હોય પણ અપૂર્વ કેમ લાગે છે ? કે, અપૂર્વ તત્ત્વ જે આત્મા, તેનો ભાવ એમાં દેખાય છે. એ વચનમાં એ ભાવ દેખાય છે. બસ ! પછી મહિમા આવે જ, મહિમા કરવો પડતો નથી.

(શ્રીમદ્ રાજચંદ્ર-પત્રાંક-૪૫૧, ૪૫૩, S.R. No. ૧૬૨, ૫૮.૦૦ મિનિટે), તા. ૨૨-૦૫-૧૯૯૦

❋

(૪) ગુરુદેવના મહાપ્રયાણ પછી પૂજ્ય બહેનશ્રી એકવાર એવી રીતે બોલ્યા હતા કે, પર્યાયફેર છે નહીંતર તો જંગલમાં ચાલ્યા જઈએ. એમને સત્સંગનો એક મોટો આધાર હતો – ગુરુદેવ. ઘણો વૈરાગ્ય હતો, વૈરાગ્ય વિશેષ હતો. વૈરાગ્યમાં એ વાત કહેતા હતા, શું કરીએ ! પર્યાયફેર છે, નહીંતર જંગલમાં ચાલ્યા જઈએ, નીકળી પડીએ અહીંથી. એટલે કે આત્માનું સાધન કરીએ. એનો અર્થ ઇ છે કે અંતરમાં લીન થઈને આત્માનું અહોરાત્ર – દિવસ-રાત આત્મસાધન કરીએ અને બીજું કાંઈ ન કરીએ, એવું જોર છે એની પાછળ. એ કથન પાછળ જે જોર છે, એવું જોર છે અને એ જ મુમુક્ષુજીવને ઉપદેશનો વિષય છે કે કરવા યોગ્ય તો આ જ પ્રકાર છે.

(શ્રીમદ્ રાજચંદ્ર-પત્રાંક-૪૫૩, S.R. No. ૧૬૩, ૦૯.૦૦ મિનિટે), તા. ૧૩-૦૫-૧૯૯૦

❋

(૫) પૂજ્ય બહેનશ્રીએ છેલ્લા દિવસોમાં પોતાની એક અંગત વાત આ પ્રકારે વ્યક્ત કરી હતી કે, અત્યારે આ ભવમાં આ પર્યાયમાં ચારિત્રદશાની પરિસ્થિતિ નથી પણ અંતર સાધનાનો પ્રકાર એવો ઉગ્ર હતો કે, આ સ્થિતિમાં પણ રહ્યા રહ્યા અચારિત્રભાવો જે છે એના મૂળિયા ખલાસ કરું છું.

(શ્રીમદ્ રાજચંદ્ર–પત્રાંક–૪૫૧, ૪૫૩, S.R. No. ૧૬૨, ૫૮.૦૦ મિનિટે), તા. ૨૨-૦૫-૧૯૯૦

❋

(૬) ગુરુદેવની પ્રવચન-સભામાં પૂજ્ય બહેનશ્રી બિરાજમાન હતા તો એ ભાવો, જે સૂક્ષ્મમાં સૂક્ષ્મ ન્યાયો નીકળ્યા છે, અધ્યાત્મના ઊંચા ભાવો નીકળ્યા છે, એ કોઈ નહોતા સમજતા એની સામે જોઈને નથી નીકળ્યા. જે સમજ્યા છે, જે ગ્રહણ કરી શકે છે, જે પકડી શકે છે એને કારણે નીકળે છે. તીર્થંકરની સભામાં ગણધરની હાજરીથી એ વાત નીકળે છે. એ પ્રકાર હતો તો એનો લાભ બીજાને મળે છે એ એમનો ઉપકાર ગણાય છે. ગણધરનો ઉપકાર ગણાય છે કે તમે હતા તો અમને લાભ મળ્યો, નહીંતર તો વાણી જ ન છૂટી હોત. (પૂજ્ય ગુરુદેવશ્રીની) અત્યારે જે વાણી ઉપલબ્ધ છે એનું કારણ એ છે. એમનો ઉપકાર છે. (એ) ઝીલનાર હતા તો અંદરથી ભાવ નીકળતા હતા.

(શ્રીમદ્ રાજચંદ્ર–પત્રાંક–૪૬૩, ૪૬૪, S.R. No. ૧૭૨, ૧૦.૦૦ મિનિટે), તા. ૧૨-૦૬-૧૯૯૦

❋

(૭) પૂજ્ય બહેનશ્રીનું દૃષ્ટાંત બહુ સમર્થ દૃષ્ટાંત છે. આપણા માટે જીવંત દૃષ્ટાંત છે. પંદર વર્ષની ઉંમરે સત્સંગનો જ માત્ર એમણે વિવેક કર્યો છે. એ વખતે આત્મજ્ઞાન નહોતું. એ વખતે બીજી કોઈ ઊંડી ધાર્મિક સમજણ નહોતી. ફક્ત નાની ઉંમરમાં એટલી સમજણ આવી ગઈ, એટલો વિવેક આવી ગયો કે, મને સત્સંગ હશે તો મારું કલ્યાણ થશે, વગર સત્સંગે કલ્યાણ નહિ થાય. તો આખું જીવન સમર્પણ કરવા સુધીનું કદમ ઉઠાવ્યું. બહુ મોટું પગલું ભર્યું કે, આખું જીવન સમર્પણ કરી દીધું. સત્સંગ મળતો હોય તો આખું જીવન બદલવું છે. આ ઘર ન જોઈએ, આ કુટુંબ ન જોઈએ, સાસરાનું કુટુંબ છોડી દીધું. આ શહેર ન જોઈએ, આ પ્રદેશ ન જોઈએ. જ્યાં સત્સંગ નથી ત્યાં કોઈ ભોગે રહેવું નથી. કેટલું સાહસ કર્યું છે એ ઉંમરમાં ! એ પર્યાયમાં જે સાહસ કર્યું છે એ એક એવો દૃષ્ટાંત છે કે, સત્સંગની શું કિંમત છે, એ વાત જેને સમજાણી છે એનું ફળ એને આવ્યું છે. આ એનું ફળ આવેલું છે, આ આત્મજ્ઞાન છે એ ખરેખર તો એનું ફળ આવેલું છે, જે સહજપણે આવે છે.

(શ્રીમદ્ રાજચંદ્ર–પત્રાંક–૪૫૧, ૪૫૩, S.R. No. ૧૬૨, ૫૮.૦૦ મિનિટે), તા. ૨૨-૦૫-૧૯૯૦

❋

(૮) પૂજ્ય બહેનશ્રીનું જ્યારે સ્વાસ્થ્ય સારું હતું તો પાણી પીવું હોય તો એ પોતે જ ઊભા થઈને પાણી પી લ્યે. (કોઈ) પાણી લાવવા માટે ચેષ્ટા કરે તો ના પાડી દ્યે. મારે પરાધીનપણામાં નથી રહેવું, એવી પરાધીનતા મારે નથી જોઈતી. હું મારી મેળે મારું કરું ત્યાં સુધી મારી મેળે હું મારું કરી લઈશ. એમની એક સ્વાધીનવૃત્તિ હતી કે પોતાને બીજાની સેવા ન લેવી. એ એક સહેજે વિકલ્પ રહેતો હતો. પછી અમુક પ્રકારમાં લેવાતી હોય ત્યાં અંદરથી અભિપ્રાય વિરુદ્ધ પરિણામ ચાલતા હોય છે.

(સ્વાનુભૂતિદર્શન–૧-૨, ૪૫૩, S.R. No. ૨, ૧૨.૦૦ મિનિટે), તા. ૦૭-૦૫-૧૯૯૬

❋

(૯) ગુરુદેવને એમણે ઓળખ્યા હતા. ગુરુદેવ દ્વારા એમને પોતાને આત્મજ્ઞાન થયું હતું અને (એમણે) ગુરુદેવને જેટલા સમજ્યા હતા એટલું બીજું કોઈ કદાચ નથી સમજી શક્યું. એટલે ગુરુદેવને શું શું હતું, એવી

ગુરુદેવ સંબંધીની અનેક વાતો બહેનીશ્રીની ચર્ચામાં, બહેનશ્રીની વાણીમાં સમજવા મળશે. આપણે ભલે ગુરુદેવને જોયા છે, સાંભળ્યા છે, પરિચય પણ કર્યો છે છતાં પણ જરા વધારે ઊંડાણથી જેમનું જ્ઞાન એ વિષયમાં કામ કરતું હતું, એ સંબંધી કેટલીક પ્રસાદી, જ્ઞાન તો જ્ઞાન છે પણ જે કાંઈ આવી શકે એવી કેટલીક પ્રસાદી એમની વાણીમાં આવે છે.

બહેનશ્રી પોતે ભક્તિપ્રધાન પરિણમનવાળા હતા. જ્ઞાની મહાત્મા તો હતા, લબ્ધિધારી તો હતા પણ ભક્તિપ્રધાનતા ઘણી હતી. જ્ઞાન પ્રધાનતામાં બહુ નહિ જતા. જ્ઞાન ઘણું હતું પણ ભક્તિપ્રધાનતા બહુ હતી. એમના વચનોમાં વાતે વાતે એ વાત આવવાની. (૪૫.૦૦ મિનિટે).

✽

બહેનશ્રીની તો આખી વાત જ જુદી છે. એ તો મુનિદશાનું વર્ણન આ 'બહેનશ્રીનાં વચનામૃત'માં આવે છે ને ! મુનિદશાનું વર્ણન કેવું કર્યું છે ! સામે ભાવલિંગી મુનિ ઊભા હોય અને એમને જોઈ જોઈને એમનું શબ્દચિત્ર ચીતરતા હોય એવી રીતે વર્ણન કર્યું છે. અત્યારે ક્યાં કોઈ મુનિ છે, અત્યારે તો કોઈ સામે મુનિ દેખાતા નથી છતાંય તે જ્ઞાનમાં પ્રત્યક્ષ કરીને લખ્યું છે. એવું સરસ વર્ણન કર્યું છે !! (૫૭.૦૦ મિનિટે)

✽

(૧૦) એમની ચર્ચામાં, પ્રવચનમાં આ વાત ખાસ આવે છે કે, અંદરમાં લગની લાગવી જોઈએ. એ જે ખાસ વાત આવતી હતી એની પાછળ કારણ એ છે કે, પોતાને એ પ્રકારનો અનુભવ થઈને એમાંથી પસાર થયા છે અને આગળ વધ્યા છે. એટલે આડકતરી રીતે એમ કહી શકાય કે, આડકતરી રીતે પોતાનો અનુભવ બતાવે છે. બસ ! અનુભવીના રસ્તે, અનુભવીના માર્ગે, એ બતાવે છે એમ ચાલ્યો જા, અનુભવ સુધી પહોંચી જઈશ. (સ્વાનુભૂતિદર્શન–૪-૫, S.R. No. ૮, ૨૮.૦૦ મિનિટે), તા. ૧૦-૦૫-૧૯૯૬

✽

(૧૧) ગુરુની ભક્તિ કેવી રીતે પ્રગટે ? જેને ભક્તિના ભાવ ન પ્રગટતા હોય એને બહેનશ્રીની વાણીનો લાભ લેવો. કેમકે એ ભક્તિ કરતા કરતા જ્ઞાની થયા અને જ્ઞાની થયા પછી પણ કોઈ અવર્ણનીય ભક્તિ એમણે કરી છે. એટલે જે મુમુક્ષુને પોતાની દશામાં ભક્તિની ખામી હોય એવું લાગતું હોય તેને આ વચનો ઉપકારભૂત છે.

✽

(૧૨) 'બહેનશ્રીનાં વચનામૃત'ની વિશિષ્ટતા છે કે, અનેક જગ્યાએ મુમુક્ષુઓને એવું માર્ગદર્શન આપ્યું છે કે, આ પરિણામ હોય અને તારું કાર્ય ન થાય એ વાત જ નથી. કેમકે પોતે પોતાના અનુભવથી વાત કરી છે. (અધ્યાત્મ સુધા ભાગ–૧, પૃષ્ઠ–૮૨)

✽

(૧૩) ભાવનાનો વિષય કહેતાં અનંતા તીર્થંકરોની સાક્ષી લીધી છે. અનંતા તીર્થંકરોએ આ જ વાત કહી છે, એમ પોતાના સ્વાનુભવથી આ વાત કહેલી છે. એ સમજાય એવું છે કે, બહુ ઊગતી ઉંમરમાં, સામાન્ય રીતે તો છેલ્લા-છેલ્લા ૨૦૦-૪૦૦ વર્ષમાં થયેલા જેટલા જ્ઞાનીઓ પ્રસિદ્ધ છે એમાં આટલી નાની ઉંમરમાં આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરી હોય, સમ્યગ્દર્શન – સ્વાનુભવની પ્રાપ્તિ કરી હોય એવો આ એક Recordનો વિષય ગણવો જોઈએ. જો અઢાર વર્ષે આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ હોય, સ્વાનુભવની પ્રાપ્તિ થઈ હોય અને તે પણ સ્ત્રીપર્યાયમાં ! એ વળી પાછો બીજો વિષય છે. (અધ્યાત્મ સુધા ભાગ–૧, પૃષ્ઠ–૨૮૯)

✽



## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ ગ્રંથમાંથી માર્ગદર્શન ઉપરના પૂજ્ય શ્રી સોગાનીજીના વચનામૃતો

કોઈ તો ધારણા કરી રાખે છે, કોઈ ધારણા કરીને રટણ કરે છે, પરંતુ ભાઈ, ધારણા કરી કરીને તારે કોઈને દેખાડવું છે કે હું જાણકાર છું ?

પ્રશ્ન :– પણ પોતાના સ્વરૂપની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી નિર્ણય માટે તો ધારણા જોઈએ ને ?

ઉત્તર : ધારણા સહજ થાય છે. હું આ ધારણા કરી લઉં એ તો બોજો ઉપાડવાનો છે. વળી ધારણા ઉપર વજન નહિ આવવું જોઈએ. ધારણા હોવી તો જોઈએ ને ! એવું વજન નહિ હોવું જોઈએ. સહજ હો. (સ્વરૂપની પ્રાપ્તિ માટે વિધિ-વિષયક જાણકારીની ધારણા થાય છે, તોપણ ધારણારૂપ વજન જાણવાવાળાના અભિપ્રાયમાં પર્યાયનો આશ્રય કરવાનો અભિપ્રાય જે અનાદિથી છે તે ચાલુ જ રહી જાય છે અને તે અંતર્મુખતા થવામાં બાધક કારણ બની જાય છે.) (૧૭૭)

❋

પ્રશ્ન :– ચિંતવન કરવું (જોઈએ) શું ?

ઉત્તર :– ચિંતવન પણ ભઠ્ઠી લાગવી જોઈએ. તે પણ દુઃખભાવ લાગશે ત્યારે ત્યાંથી ઉઠશે. નહિ તો ત્યાંથી શા માટે ખસે ? માર્ગમાં આવે છે તો ઠીક છે, પરંતુ તેને પણ દુઃખભાવ જાણવો, તેમાં એકત્વ કરવું નહિ. ચિંતવન પણ ચિંતા છે. – આકુળતા છે. ચિંતવન જ્યાંથી ઉઠે છે, તે ભૂમિમાં જામી રહો. (૧૭૮)

❋

પ્રશ્ન :– ધારણા વિના અનુભવ થઈ શકે છે શું ?

ઉત્તર :– ધારણા ન થાય અને અનુભવ થઈ જાય એ સવાલ જ અહીં નથી. અહીં તો કહે છે કે ધારણા થવા છતાં પણ (વગર પુરુષાર્થે) અનુભવ નથી થતો. ધારણામાં 'હું ચૈતન્યમૂર્તિ છું' એમ ટાંક્યું છે, તે જ સ્થળ પર જામી જાય ત્યારે અનુભવ થાય છે. (૧૮૫)

❋

આ વાત સમજમાં આવવાથી 'કરું, કરું' નો બોજો તો હલકો થઈ જાય. પરંતુ આ ત્રિકાળી અપરિણામી ભાવનો અનુભવ થવો તે ખાસ વાત છે. તે અનુભવ કરો. (૨૦૧)

❋

અપેત્રાજ્ઞાન બરાબર હોવું જોઈએ. નહીં તો ખતવણીમાં ફેર થઈ જાય છે. કઈ અપેક્ષાએ કઈ વાત કેટલી મર્યાદા સુધી કહી છે, તેનો ખ્યાલ હોવો જોઈએ. (૨૧૦)

❋

જલદી મુક્તિ જોઈએ !... તો બસ અહીં (ત્રિકાળીમાં) જ બિરાજમાન થઈ જાઓ. (૨૧૮)

❋

પ્રશ્ન :– (અમને આત્મામાં) સ્થિરતા કેમ થતી નથી ?

ઉત્તર :– ક્ષણિક (અસ્થિર) પરિણામમાં અહંપણું છે. સ્થિર તત્ત્વને તો પકડ્યું નથી તો સ્થિરતા ક્યાંથી આવે ? હું અપરિણામી સદાય સ્થિર જ છું. એવા ત્રિકાળી સ્થિર તત્ત્વમાં અહંપણું થતાં જ પરિણામમાં સ્થિરતા સહજ આવશે, સ્થિરતા વધશે અને પૂર્ણતા પણ થશે. પહેલાં હું ત્રિકાળી સ્થિરતત્ત્વ છું એવી દૃષ્ટિ થવી જોઈએ. (૨૨૧)

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

પ્રશ્ન :- કહેવામાં આવે છે કે તું જ્ઞાન-લક્ષણને શોધી કાઢ. પણ અમારી પાસે તો વર્તમાનમાં ઇન્દ્રિયજ્ઞાન જ છે, તો કેવી રીતે શોધવું ?

સમાધાન :- દૃષ્ટિ તેને અંતરમાં મૂકવી પડે છે. ઇન્દ્રિયજ્ઞાન ભલે હોય, પણ પોતે છે ને ! પોતાનો કાંઈ નાશ થયો નથી ને ઇન્દ્રિયજ્ઞાન કાંઈ અંદર પ્રવેશી ગયું નથી. પોતે માન્યતા કરી છે, પણ પોતાના જ્ઞાનમાં પરદ્રવ્ય પ્રવેશી નથી ગયું ને પોતાનું અસ્તિત્વ કાંઈ નાશ નથી થયું. માટે તારી પરિણતિને અંદર વાળીને તું પોતે કોણ છો તે ગોતી કાઢ. વચ્ચે મન અને ઇન્દ્રિય આવે છે તેને ગૌણ કરીને અને તારા જ્ઞાનને મુખ્ય કરીને તું જ્ઞાન-લક્ષણથી આખા જ્ઞાયકને ઓળખી લે. તું ઇન્દ્રિયને સાથે રાખે છે એટલે ઇન્દ્રિયથી જણાયું, આનાથી જણાયું એમ તને થાય છે; પણ તને તારા જ્ઞાનથી જણાય છે. તે જ્ઞાન-લક્ષણથી તારે અંદર જોવાનું છે. ઇન્દ્રિય સાથે હોય છે એટલે એમ કહેવાય કે ઇન્દ્રિયજ્ઞાનથી જાણ્યું, પણ તું અંદર દૃષ્ટિ કર ને ! તું પોતે જ છો, તું કાંઈ ખોવાઈ ગયો નથી. પોતે જ પોતાનું સાધન છે. બીજું સાધન શું હોય ? પોતાનો કાંઈ નાશ થયો નથી.

મુમુક્ષુ :- પોતાની સત્તા કેમ સ્વીકારતો નથી ?

બહેનશ્રી :- તું પોતે તારાથી જોવાનું કાર્ય કરી રહ્યો છે, પણ તને જોતો નથી એટલે તને એમ થાય છે કે મારે ઇન્દ્રિયથી-આંખથી જોવાનું રહ્યું, મનથી વિચારવાનું રહ્યું, બીજું કાંઈ જોવાનું સાધન ન રહ્યું પણ તું પોતે જ છો. (એ તારા ક્ષયોપશમજ્ઞાનથી જણાય છે.) તે ઇન્દ્રિય તને ક્યાં જણાવે છે ? તું તારા જ્ઞાનને તારા તરફ વાળ, તું પોતે જ તને જણાઈશ. આનાથી જણાય, ઇન્દ્રિયથી જણાય, એમ શા માટે લક્ષ કરવું ? તારું અસ્તિત્વ છે અને તું શોધી લે. જ્ઞાન લક્ષણથી જ્ઞાયકને ગોતી લે, તેમાં બધાં બહારના આલંબનનાં સાધનો ગૌણ થઈ જાય છે. તે હોય છે, પણ તું પોતાને



મુખ્ય કરી લે. સાધનને ગૌણ કરવાં તે તારા હાથની વાત છે.

તું નિરાલંબન જ છો, તેનો નાશ થયો નથી. તું તને મુખ્ય કરીને તેના તરફ જા તો તું પોતે જ છો. પુરુષાર્થ કર તો તું પોતે જ છો. તું તને મુખ્ય કરી લે કે હું જ્ઞાયક જ છું, હું પોતે જ જાણનાર છું, મારો કાંઈ નાશ થયો નથી. આ રીતે જ્ઞાન-લક્ષણને મુખ્ય કરી જ્ઞાયકને તું ઓળખી લે, એટલે બહારનાં આલંબનો ગૌણ થઈ જશે. તું તારું આલંબન લઈ લે. જ્યારે પણ પ્રયત્ન કર ત્યારે બાહ્ય આલંબનને ગૌણ કરવાનાં જ છે, અને તે તારે જ કરવાનું છે. તે પ્રયત્ન વિના પહેલેથી થયેલું હોતું નથી. જ્યારે કર ત્યારે તારે જ ગૌણ કરવાના છે અને તારે જ મુખ્ય થવાનું છે. માટે તું તને મુખ્ય કરીને અને તે બાહ્ય આલંબનને ગૌણ કરીને-ઢીલું પાડીને-તું તને પોતાને શોધી લે. પહેલાં બીજું આલંબન લઈને કરવું પડશે એવું નથી. તું પોતે જ છો. જ્યારે કર ત્યારે તારાથી જ કરવાનું છે. જ્ઞાન-લક્ષણને મુખ્ય તારે પોતાને જ કરવાનું છે. તેને મુખ્ય કરી તારા જ્ઞાયકને તું ઓળખી લે. અન્ય આલંબનને મુખ્ય શું કામ કરે છે ? તે આલંબન ક્યાં જાણે છે ? જાણનારો તો તું છો. આલંબન વચ્ચે આવે છે, પણ તે મન કે આંખ ક્યાં જાણે છે ? તેથી તેની મહત્તા કરીને આલંબનને શા માટે મુખ્ય કરે છે ? અને બહાર જાય છે ? માટે તું તારા તરફ વળી જા અને દ્રવ્યને શોધી લે.

જે પોતાને ગોતવાનો છે તે પોતે હાજર જ છે. પોતે હાજર છે, અને પોતાને જ ગોતવાનો છે. એમાં આલંબન ક્યાં તને રોકે છે ? તું પોતે રોકાયેલો છો. છૂટો પડીને અંદર જા. અંદર તે રૂપે પરિણમી જતાં નિરાલંબન થઈશ. જે કોઈ નિરાલંબન થયા છે તે બધું ગૌણ કરીને થયા છે. પલટો કરવો તે તારા હાથની વાત છે. જ્ઞાનને પકડવાનો પ્રયત્ન કરવાનો છે. તું પોતે તારાથી જાણી રહ્યો છે, તે જ્ઞાનને સ્વ તરફ વાળી દે. આવે છે ને ? કે :-

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા-૧૧ ઉપર)**




### ૨૫૭

મુંબઈ, અષાડ વદ ૪, ૧૯૪૭

**'ઘણુંય લખવું સૂઝે છે, પણ લખી શકાતું નથી. તેમાં પણ એક કારણ સમાગમ થયા પછી લખવાનું રહે છે. અને સમાગમ પછી લખ્યા જેવો તો માત્ર પ્રેમ-સ્નેહ રહેશે, લખવું પણ વારંવાર મૂંઝાવાથી સઝે છે. બહુ જ ધારાઓ ચાલતી જોઈ, કોઈ કંઈ પેટ દેવા જોગ મળે તો બહુ સારું, એમ લાગી જવાથી, કોઈ ન મળતાં આપને લખવા ઇચ્છા થાય છે.'**

પરમ કૃપાળુદેવની વિચારશક્તિ અને ચિંતનશક્તિ અસાધારણ પ્રબળ હોવાને લીધે વિચારધારા અને ચિંતનધારા બહુ જ ચાલે છે; તે અંગે શ્રી સૌભાગ્યભાઈને લખવાનો વિચાર પણ આવે છે; પરંતુ પ્રત્યક્ષ સમાગમ થયા પછી અને પ્રત્યક્ષ સમાગમમાં કેટલુંક સ્પષ્ટીકરણ થયા પછી લખવું યોગ્ય લાગે છે. તેમ છતાં તેવો લખવાનો વિષય ઘણો એકત્ર થવાથી વારંવાર મૂંઝાઈને લખવાનું સૂઝે છે; પરંતુ તમારા ચિંતનનો વિષય સમજનાર પાત્ર એટલે કે પેટ દેવા યોગ્ય કોઈ મળે તો સારું એમ લાગી જવાથી, કોઈ ન મળતાં શ્રી સૌભાગ્યભાઈને લખવાની ઇચ્છા થાય છે.

### ૨૫૯

મુંબઈ, શ્રાવણ સુદ ૧, બુધ, ૧૯૪૭

**'અમારું ચિત્ત તો બહુ હરિમય રહે છે, પણ સંગ બધા કળિયુગના રહ્યા છે. માયાના પ્રસંગમાં રાત દિવસ રહેવું રહે છે; એટલે પૂર્ણ હરિમય ચિત્ત રહી શકવું દુર્લભ હોય છે, અને ત્યાં સુધી અમારા ચિત્તને ઉદ્વેગ મટશે નહીં.'**

આ પત્રમાં પણ પોતાની આત્મામયદશા બહુ રહે છે તેનો ઉલ્લેખ કર્યો છે. એક બાજુ અંતરમાં ચૈતન્યમય ઉગ્ર દશા છે તો બીજી બાજુ વર્તમાન કળિયુગ અનુસાર અનેક પ્રકારનાં વ્યાવસાયિક અને વ્યાવહારિક પ્રસંગમાં પ્રવર્તવાથી પૂર્ણ ચૈતન્યમય ચિત્તનું રહેવું દુર્લભ થાય છે અને એમ લાગે છે કે જ્યાં સુધી પૂર્ણ દશા નહિ થાય ત્યાં સુધી ચિત્તનો આ ઉદ્વેગ મટશે નહિ. અહીં મોક્ષમાર્ગી ધર્માત્માઓની દશા સંબંધી એક સિદ્ધાંત સ્પષ્ટ થાય છે કે અધ્યાત્મદશા વિશેષતાપૂર્ણ હોવા છતાં પૂર્ણતાનું લક્ષ હોવાને લીધે વર્તમાનદશાનો સંતોષ થતો નથી પરંતુ અપૂર્ણતાનો ઉદ્વેગ ચાલુ રહે છે.

**'આપે (સૌભાગ્યભાઈએ) દોહરા વગેરે લખી મોકલ્યું તે સારું કર્યું. અમે તો હાલ કોઈની સંભાળ લઈ શક્યા નથી. અશક્તિ બહુ આવી ગઈ છે; કારણ કે ચિત્ત બાહ્ય વિષયમાં હાલ જતું નથી.'**

શ્રી સૌભાગ્યભાઈએ દોહરા વગેરે કેટલુંક લખાણ લખી મોકલ્યું છે તેનો નિષેધ કર્યો નથી પરંતુ અનુમોદન કર્યું છે, સાથે સાથે પોતાની દશાનો ઉલ્લેખ કર્યો છે કે આપના લખાણ વિષે ઉપયોગ દઈને સંભાળ લઈને) કાંઈ લખી શકાય તેવી અમારી ચિત્તસ્થિતિ નથી. અમારા આત્મસ્વરૂપ સિવાય બીજા કોઈ વિષયમાં ઉપયોગ દેવા માટે પરિણામમાં બહુ અશક્તિ આવી ગઈ છે અર્થાત્ બાહ્યાકાર ઉપયોગનું જોર તૂટી ગયું છે. કેવી આથ્મામયદશા હશે ! તે ઉક્ત વચનોથી સમજવા યોગ્ય છે.

મુમુક્ષુજીવના આદર્શ એવા ધન્યાવતાર પ્રશમમૂર્તિ
પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ૧૦૦મો મંગલકારી જન્મોત્સવ પ્રસંગે
અત્યંત વિનમ્રભાવે દાસત્વભાવે કોટિ કોટિ વંદન !



ગુરુદેવની પ્રવચન-સભામાં પૂજ્ય બહેનશ્રી બિરાજમાન હતા તો એ ભાવો, જે સૂક્ષ્મમાં સૂક્ષ્મ ન્યાયો નીકળ્યા છે, અધ્યાત્મના ઊંચા ભાવો નીકળ્યા છે, એ કોઈ નહોતા સમજતા એની સામે જોઈને નથી નીકળ્યા. જે સમજ્યા છે, જે ગ્રહણ કરી શકે છે, જે પકડી શકે છે એને કારણે નીકળે છે. તીર્થંકરની સભામાં ગણધરની હાજરીથી એ વાત નીકળે છે. એ પ્રકાર હતો તો એનો લાભ બીજાને મળે છે એ એમનો ઉપકાર ગણાય છે. ગણધરનો ઉપકાર ગણાય છે કે તમે હતા તો અમને લાભ મળ્યો, નહીંતર તો વાણી જ ન છૂટી હોત. (પૂજ્ય ગુરુદેવશ્રીની) અત્યારે જે વાણી ઉપલબ્ધ છે એનું કારણ એ છે. એમનો ઉપકાર છે. (એ) ઝીલનાર હતા તો અંદરથી ભાવ નીકળતા હતા.

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ